SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 50. ઉત્તર ગુજરાતનો સાંસ્કૃતિક વૈભવ

ચૌહાણ સુનિલકુમાર જગદીશભાઈ

બાર ગાઉએ બોલી બદલાય તો ચાલો આપણે શરૂઆત ઉત્તર ગુજરાતની 'પટ્ટણી'બોલીથી કરીએ

ઉચ્ચારણ વિષયક લાક્ષણીકતાઓ

→ સાનુનાસિક અથવા નાસિક્ય વ્યંજનના સંપર્કવાળા'આ'અને 'ઈ'ના વિવૃત 'આ'અને 'અ'ઉચ્ચારાય છે.

ઉદા. – રામ-રામ, પાંચ-પાંચ, ચાંદો-ચાંદો, પીંપળો-પીપળો, મીણ-મીણ

→ અંત્ય 'આ', 'ઉ'અને 'ઈ'ની સાનુનાસિકતાનો લોપ

ઉ.દા-કરવું-કરવા, દહીં-દઈ, મહીં-મઈ.

→ અંત્ય 'આઈ'અને 'આઉ'નુ 'અઈ'અને 'અઉ'

ઉ.દા-ભાઈ-ભઈ, ખાઉ-ખઈ

→ તાલવ્ય પરિસરમાં કંઠ્યનું તાલુકરણ થાય છે.

ઉ.દા-કાકી-કાચી, ખેતર-છેતર, ગયો-જ્યો, ઘી-ઝી.

→ 'ય'એ 'ઈ'ના સાનિધ્યમાં 'વ'નો લોપ

ઉ.દા-આવ્યો-આવ્યો, વાવેતર-વાયતર, આવી-આઈ

→ 'ળ'નો 'ર'

ઉ.દા-ધોળો-ધોરો, કમળા-કમરા, ઉતાવળ-ઉતાવર

→ 'ડ'અને 'ણ પૂર્વેનો "'ર'નો 'પ'થાય છે.

ઉ.દા-દોરડો-દોપડી, બારણું-બાયણું, સાવરણી-હાવરણી

→ 'હ' શ્રુતિનો લોપ.

ઉ.દા-વહુ-વઉ, મહી-મઈ, ઈતિહાસ-ઈતિયાસ.

→ 'સ'નો અઘોષ 'હ'થાય છે.

ઉ.દા-માણસ-માણહ, નિશાળ-નિહાળ, સમજુ-હમજુ

ઉત્તર ગુજરાત એક સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનો ખજાનો છે. અહીં તેના સાંસ્કૃતિક વારસાનો ખજાનો છે! અહી તેના સાંસ્કૃતિક વૈભવના કેટલાક પાસાઓ છે.

વિશ્વ સમસ્તમાં આજે લોકવિદ્યાનાં અભ્યાસ તરફ સૌનું ધ્યાન ગયુ છે. અલબત્ત લોક વિદ્યાએ એવડું વિશાળ ક્ષેત્ર છે કે તેની અનેક શાખાઓમાં આંતરવિદ્યાકીય અભ્યાસની અનેક શક્યતાઓ રહેલી છે. જેમાં લોકસંગીત, લોકનૃત્ય, લોકસાહિત્ય, લોકકળા, લોકભરતગુંથણ, લોકમાન્યતાઓ વગેરે આજે જ્યારે આંતરવિદ્યાશાખાકીય માંગ છે. ત્યારે લોકસાહિત્યનાં અભ્યાસની પ્રસ્તુતા વિશે પણ વિચારવા જેવુ છે.

આપણે જાણીએ છીએ કે ભારતની પશ્ચિમ દિશાએ આવેલુ ગુજરાત રાજ્ય ઉત્તમ પ્રકારનો ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસો ધરાવે છે. જેમાં આપણે જે વાત કરવી છે તે ઉત્તર ગુજરાતનો સાંસ્કૃતિક વૈભવ પણ તેની વાત કરતા પહેલા આપણે ઉત્તર ગુજરાતની ભુગોળીય માહિતી લેવી જરૂરી છે. એટલા માટે કે લોકસાહિત્ય અંતર્ગત પ્રકૃતિનાં દરેક તત્વો તેનાં દરેક પાસાની સાથે લોકજીવન છે. લોકવિરાસત સંલગ્ન છે.

ઉત્તર ગુજરાત માં પૂર્વેમાં સાબરકાંઠા તેની ઉત્તરે રાજસ્થાનનો મારવાડ દેશ, પશ્ચિમપાકિસ્તાન અને દખ્ખણે અડાલજ, અમદાવાદનો સીમાવિસ્તાર ધરાવે છે તો બીજી રીતે જોવુ હોય તો પશ્ચિમ પાટણ જિલ્લાનાં સાંતલપુરથી લઈને પૂર્વેમાં સાબરકાંઠાના શામળાજી, ધનસુરા, મોડાસા, અને ઉત્તરે રાજસ્થાનનો મારવાડ પ્રદેશ અને દક્ષિણે મહેસાણા જિલ્લાનુ બહુચરાજી, કડી અને ગાંધીનગરનો વિસ્તાર કે જેમાં મહેસાણા, હિંમતનગર, સિધ્ધપુર, પાલનપુર જેવા શહેરો આવેલા છે.

ઉત્તર ગુજરાતમાં શામળાજીના પ્રખ્યાત વૈષ્ણવતીર્થો તો અંબાજી અને બહુચરાજી જેવી શક્તિપીઠો આવેલી છે. અરવલ્લી અને વિધ્યાંચળની પર્વતશૃંખલા જેસોર જેવા વન્ય અભ્યારણો આવેલા છે. પર્ણાશા, રુપેણ ને સરસ્વતી જેવી વિશ્વની એકમાત્ર અંતસ્થ નદીઓની વિરાસત પણ તેને મળેલી છે. અને મોઢેરાનુ વિશ્વ પ્રસિધ્ધ સૂર્યમંદિર, વિશ્વ ઐતિહાસિક વારસામાં સ્થાન પામેલી પાટણની રાણકીવાવ, સિદ્ધપુરનો રુદ્રમહાલય, વડનગરનુ કીર્તિતોરણ, તારંગાના નયનરમ્ય પર્વનોને જૈનદેરાસર, વાવ તાલુકામાં પાકિસ્તાન બોર્ડર ઉપર આવેલુ નડેશ્વરી માતાજીનુ મંદિર સિધ્ધપુરનો કાત્યોકનો લોકમેળો અને વિશ્વનુ એકમાત્ર માતૃશ્રાધ અને તર્પણ તીર્થ એવુ સિદ્ધપુરનુ બિંદુસરોવર, ખેડબ્રહ્મા અને સાંબરકાંઠાની આદિવાસી વસ્તી અને તેની લોકવિરાસત એમ અનેક વિવિધતાઓ આ વિસ્તાર ધરાવે છે.

ઉત્તરગુજરાતની લોકકથાઓ

લોકસાહિત્યનો સૌથી વધુ જો કોઈ પ્રકાર હોય તો તે છે લોકકથાઓજેવી કે ડંખીલો દાદભા. મંગળાભાની મરદાનગી, વીર વાસીયાદાદા, ભડવીર ભીમોજી, કુંવર અળવીલો રાજા અને ગઢવીની શરત, અમરસંગ આખલીવાળા, કોના નસીબનું ફળ તલ કાળા તલ ધોળા, દીપા ઝાંપડીનીવાત વગેરે જેવી સાબરકાંઠા, બનાસકાંઠા અને મહેસાણા વિસ્તારની લોકકથાઓ છે.

ઉત્તરગુજરાતની સાહિત્યકારોઃ-

ઉત્તર ગુજરાતનાં લોકસાહિત્યમાં અભ્યાસીઓનું કામ વિશ્વકક્ષાએ પહોચ્યુ છે. જેમા ભવિષ્યમાં પણ લોકસાહિત્યના અભ્યાસીઓને માર્ગદર્શન અને સીમા ચિંહરૂપ બનશે. તેવા પાયાના ડૉ.અમૃત પટેલ, ડૉ ભગવાનદાસ પટેલ, પ્રેમજીભાઈ પટેલ, મફત રણેલાકર, શાંતિભાઈ આચાર્ય, કનુભાઈજાની તેવા અનેક લોકો આજે આ ક્ષેત્રે તેમનુ કામ મહત્વનુ છે.

ઉત્તર ગુજરાતના હુડીલા

ખાસ કરીને બનાસકાંઠાના ઠાકોરોમાં આ ગીતો દિવાળીના તહેવારો ઉપર ગવાય છે. જે પણ ઉત્તરગુજરાતના લોકસાહિત્યનુ નજરાણુ છે.

ઉત્તરગુજરાતના લગ્નગીતો

ઉત્તરગુજરાતના પાટીદારો, નાગર બ્રાહ્મણોના લગ્નગીતો અને ખેડબ્રહ્માના ભીલોના લગ્નગીતો તેમના ધાર્મિકગીતો તેમનાં સામાજીક ગીતો વગેરે સમૃદ્ધ સંપાદનો પણ મળ્યા છે. આ સિવાય ઉત્તરગુજરાતના લોકસાહિયમાં ગરબા, જોડકણા, પાંચીકડા, સોરઠા જેવા પદ્યદેહે વિહરતા અનેક સ્વરૂપો જોવા મળે છે.

ઉત્તરગુજરાતના લોકગીતો

જેવી રીતે લોકસાહિત્યમાં વ્યાપને વિવિધતામાં લોકકથા મહત્વનો પ્રકાર છે. તેવો જ બીજો તેનો મહત્વનો પ્રકાર લોકગીત છે.

તેમાં સંકલીત તેજમલ......

ઉગમણી ધરતીના દાદા કોરા કાગળ આવ્યા રે,<br>
ઈ રે કાગળ દાદે ડેલીએ વંચાવ્યા રે.<br>
કાકો વાંચે ને દાદો રહ રહ રુવે રે.<br>
ઉપર વાડેથી તેજમલ ડોકાણાં રે.......

શત્રુઓની ફોજ પોતાના રાજ્ય પર ચડી આવે છે.પણ પુત્રહીન વૃદ્ધઠાકોર સાત-સાત દીકરીએ પણ આજ પોતાને વાંઝીયો સમજી, નિરૂપાય બની રડે છે. ત્યાં તો બાપુની મૂંઝવણ જોઈને તેજમલ નામની દીકરી પુરુષવેશે શસ્ત્રો સજી રણે ચડે છે. જે ફોજમાં પોતે લડવા જાય છે. તેમાં પોતાની ચતુરાઈથી સ્ત્રીત્વના તમામ લક્ષણો છુપાવે છે. અને વિજય મેળવી એ વિરાંગના બની પાછી આવે છે. દાદા અને તેજમલ તથા સેનાની પુરુષ અને તેજમલના સંવાદોમાં સ્ત્રી-પુરુષનાં સ્વભાવ લક્ષણોનુ રમ્યચિત્ર મળે છે. સ્ત્રીના વીરત્વ અને મહત્તાનુ આ ઉત્તમ લોકગીત છે. લોકસાહિત્યમાં લોકગીતનુ સ્થાન અનન્ય છે. લોકગીત એ લોકજીવનની જન્મોત્રી છે.